# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ

### પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત :- કારિયાણી પ્રકરણ: ૧૦, ૧૧, ૧૨ ગઢડા મધ્ય પ્રકરણ: ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ : 'વચનામૃત' પચીસમી આવૃત્તિ મે -૨૦૦૮ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ : જવાબોની સમજૂતિ માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | |
|---|---|
| ૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. શ્રીજીમહારાજનાં વચનામૃત અથવા સ્વામીની વાતુનાં પ્રમાણ | ૧ ગુણ |
| ૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાનાં કીર્તનો - સાખી અથવા આપણાં અન્ય શાસ્ત્રોનાં પ્રમાણો. | ૧ ગુણ |
| ૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. 'જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે.' (મ.૧૩, ૩૮૫-૩૮૬)**

(૧) એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે; અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (૨) એમ એ ભગવાનના જન્મ ને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. (૩) ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહીં. માટે દેહ છતે જે પ્રકારે આવું રહસ્ય સમજાય તેવો ઉપાય કરવો. (૪) ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.

**૨. 'હરિજનની સર્વે ક્રિયા તે ભક્તિરૂપ છે.' (મ.૧૧, ૩૭૯)**

ભગવાનના ભક્તની ને વિમુખ જીવની ક્રિયામાં તો ઘણો ફેર છે; કેમ જે, વિમુખ જે જે ક્રિયા કરે છે તે પોતાનાં ઇન્દ્રિયોને લાડ લડાવવાને અર્થે કરે છે ને ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે તો કેવળ ભગવાન ને ભગવાનના ભક્ત તેની સેવાને અર્થે કરે છે. માટે હરિજનની જે સર્વે ક્રિયા તે તો ભક્તિરૂપ છે.

**૩. 'ઇન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહીં.' (મ.૪૭, ૪૫૨)**

પંચવિષય છે તે તો પૂર્વે દેવ-મનુષ્યાદિકને વિષે અનંત દેહે કરીને આપણે જીવે ભોગવ્યા છે તો પણ હજી લગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી; તો હવે ભગવાનના ભક્ત થઈને વર્ષ કે બે વર્ષ કે પાંચ વર્ષ વિષય ભોગવીને પૂર્ણ થવાશે નહીં. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહીં. તેમ ઇન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહીં. માટે હવે તો વિષયની આસક્તિને ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહીં.

**૪. 'સોનીની પેઢીનું દૃષ્ટાંત અને તેનો હાર્દ.' (મ.૫૫, ૪૬૩-૪૬૪)**

જેમ સાડાસોળવલું કંચન હોય ને તેને સોનીની પેઢીએ લઈ જાય અને જો ધણીની લગારેક નજર ચૂકે તો સોની સોનું કાઢી લઈને તેમાં રૂપું ભેળવી દે. તેમ આ હૃદયરૂપી તો સોનીની પેઢી છે અને તેમાં માયારૂપી સોની છે, તે પોતે બેઠો થકો સંકલ્પરૂપી જે હથોડો તેના અખંડ ટચટચ ટચકા મારતો રહે છે. અને જેમ સોનીનાં છોકરાં-સ્ત્રી હોય તે પારસી કરીને તેને

હાથ આવે તો કાંઈક સોનું ચોરી જાય; તેમ ઈન્દ્રિયો-અંતઃકરણ એ સર્વે માયારૂપે જે સોની તેનાં છોકરાં-સ્ત્રી છે, તે કંચનરૂપ જે ચૈતન્ય તેને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ, લોભાદિક એ રૂપ જે રૂપું તેને ભેળવીને જ્ઞાન-વૈરાગ્યાદિક ગુણરૂપ જે સોનું તેને કાઢી લે છે. અને જે સોનામાંથી સોનું કાઢીને રૂપું ભેળવે તો તે સોનું બારવલું થઈ જાય છે અને પછી તે સોનાને તાવી તાવીને પાછું સોળવલું કરે તો થાય છે. તેમ આ જીવને વિષે રજ, તમ આદિક જે રૂપું ભળ્યું છે, તેને ગાળીને કાઢી નાંખવું ને પછી કંચનરૂપ જે એક આત્મા તે જ રહે પણ બીજો માયિક ભેગ કાંઈ રહે નહીં.

**૫. 'જીવને તત્કાળ અતિશય બળ પામવાનું સાધન.' (મ.૬૩/૪૮૦)**

ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. માટે જીવને બળ પામવાને અર્થે ભગવાન ને ભગવાનના ભક્તની સેવા બરોબર બીજો કોઈ ઉપાય નથી.

**પ્ર.૨ નીચે આપેલા અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે. (ગ.મ. ૨૨)(૨૦)

૨. અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે, 'તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહીં.' (કારિ. ૧૦)(૩)

૩. જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદયમાં ધારે, તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે. (કારિ. ૧૨) (૬)

૪. જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તો પણ તેની પાસે જ છીએ; અને જેને તે નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તો પણ તે લાખ ગાઉ છેટે છે. અને અમને તો નિષ્કામી ભક્ત હોય તેના જ હાથની કરી સેવા ગમે છે. (ગ.મ. ૩૩)(૨૩)

૫. ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું, તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (ગ.મ. ૫૯) (૩૦)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :(૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. સાચો ત્યાગ : (૧) (ગ.મ. ૬૧)** જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, 'તું પરમહંસ થા.' તો તે તત્કાળ પરમહંસ થાય. એવા જેના લક્ષણ હોય તે હરિભક્ત સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો. (૩૨) **(૨) (ગ.મ. ૬૧)** અને જે ત્યાગી હોય તે જ્યારે દેશ-પરદેશમાં જાય ને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તો પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના જે જે નિયમ હોય તે સર્વે દૃઢ કરીને રાખે, તે સર્વે ત્યાગીમાં મોટેરો કહેવાય. (૩૩) **(૩) (કારિ. ૧૦)** માટે જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. (૧) **(૪) (ગ.મ. ૫૧)** જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમને ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તો પણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે તો પણ સુખ ન થાય. (૨૫) **(૫) (ગ.મ. ૫૫)** અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે અને જેટલું માયિક પદાર્થમાત્ર છે તે સર્વે નાશવંત ને તુચ્છ સરખું જણાયા કરે છે. (૨૭)

૨. **આત્મનિષ્ઠા : (૧) (ગ.મ. ૫૧)** સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. (૨૬) **(૨) (ગ.મ.૧૨)** જેમ આ દેહમાં ચાર અંતઃકરણ છે, દસ ઈન્દ્રિયો છે, પંચ પ્રાણ છે, તેમ હું જીવાત્મા છું તે પણ આ દેહને વિષે છું, તે સર્વ થકી અધિક છું ને એ સર્વનો નિયંતા છું.' પણ એમ માનવું જે, 'હું તો તુચ્છ છું ને અંતઃકરણ, ઈન્દ્રિયો તો બળવાન છે. (ગ્રંથમાંથી) **(૩) (ગ.મ. ૨)** એવી રીતે આત્મસુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઇંદ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી. (૮)

**(વિભાગ - ૨ : 'સ્વામીની વાતો' ના આધારે)**

**અભ્યાસક્રમની વાતો : પ્રકરણ : ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫ ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર આપેલ છે.**

૧. કઈ કઈ વાત ઉપર શ્રીજીમહારાજ રાજી રાજી અને રાજી છે ? (૩/૩૮)

જ. નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે.

૨. શેમાં ગુડિયું વાળે છે ત્યાં સુધી ગુરુ કર્યા નથી ? (૩/૪૫)

જ. લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં જે ગુડિયું વાળે છે ત્યાં સુધી ગુરુ કર્યા નથી.

૩. સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં ક્યારે આવે ? (૩/૩૪)

જ. સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે.

૪. શ્રીજીમહારાજ ક્યાંથી આવ્યા છે અને તેમની સૂગથી શું થયું છે ? (૩/૪૭)

જ. શ્રીજીમહારાજ અર્નિદેશથી આવ્યા છે એટલે કે અક્ષરધામમાંથી આવ્યા છે, તેમની સૂગથી બાઈ-ભાઈ નોખા રહે છે.

૫. તીરના ભાથાના દૃષ્ટાંતનો સિદ્ધાંત શું છે ? (૩/૫૮)

જ. જો તમે આ તીરના ભાથાની પેઠે જૂથ રાખશો તો ગમે તેવો શત્રુ હશે તો ય તમારો પરાભવ નહિ કરે.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. લોક, ભોગ, દેહ અને ચોથો **પક્ષપાત** તેણે કરીને મનુષ્યભાવ આવે છે. (૩/૩૬)

૨. **જ્ઞાની** છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ નજરમાં આવતું નથી. (૩/૪૪)

૩. ગમે તેવો **અંતદૃષ્ટિવાળો** હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ છે તે ડગાવી નાખે છે. (૩/૫૧)

૪. બીજાએ કલ્યાણ કર્યાં છે પણ **કારણશરીર** ટાળીને કર્યાં નથી. (૩/૫૫)

૫. જીવ **ત્રપંખડો** મૂકે નહીં, ત્યાં સુધી સુખિયો પણ થાય નહીં. (૩/૫૯)

**પ્ર.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

> ☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. | પરોક્ષના ભક્તોનાં કીર્તન, શ્લોક અથવા સાખી. | ૧ ગુણ |
| ૩. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. | સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૫. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુપરંપરાનાં કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. | ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. | પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

૧. **સરળ દૃષ્ટાંતો દ્વારા સિદ્ધાંતો સમજાવવાની કુશળતા :** (૧) કારણ શરીર જીતવાનો ઉપાય :- સુરંગના દૃષ્ટાંતે વાતરૂપી સાંગડીએ દાર દઈને ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ ભગવાન ને ભગવાનના સાધુનો મહિમા તે રૂપી અગ્નિ મૂકીએ છીએ તેણે કરીને કારણ શરીરરૂપ જે અજ્ઞાન તે રૂપી કાળો પર્વત તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ. (૩/૪૩) (૨) ઝાંઝવાના જળે સંસારના સુખની તુચ્છતા : સૂર્યના રથમાં બેઠા છે તેની દૃષ્ટિમાં તો ઝાંઝવાના પાણી નથી તેમ જે જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી. (૩/૪૪) (૩) ગીતાની ગાય કરી ને અર્જુનને વાછડોના દૃષ્ટાંતે ગુરુને સામા ધાવ્યા હોય તે લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં ગુડીયું વાળે જ નહિ. (૩/૪૫) (૪) સદ્‌ગુરુરૂપી સૂર્ય પ્રગટ થયો છું ને આ સર્વે કમળ ખીલ્યાં છે તે મારા સામું જોઈ રહ્યાં છે. (૩/૪૬) (૫) લાખ મણ લોઢાની લોઢીના દૃષ્ટાંતે સંસારનો ફેર ઊતારી સત્પુરુષની વાત હૈયામાં બેસાડી ટાઢું કરવાનો ઉપાય. (૩/૪૮) (૬) બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં અટકે છે. જેમ ગુજરાતનાં ઘોડાં છે તે લાંબા બહુ ને કાઠાળાં બહુ, પણ જ્યારે ધોરિયો દેખે ત્યારે અટકે છે. - જેમ સામત પતંગ પાંચસે બખતરિયા ઉભા હતા તેમાંથી મોટેરાના દીકરાને મારી આવતા રહ્યા. એવી રીતનો જે હોય તે ક્યાંય અટકે નહિ. (૩/૫૦) (૭) પાણીના તરિયાનું તથા લવીંગ વીંધ્યાનું દૃષ્ટાંત. (૩/૫૧) (૮) વિષય તો બાંધે એવા છે પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જણાય નહિ. તે ઉપર ગોવિંદસ્વામી, પરમહંસાનંદ સ્વામી અને મહાપ્રભુ નામે સાધુના દૃષ્ટાંત. (૩/૫૨) (૯) તીરના ભાથાના દૃષ્ટાંત દ્વારા સંપનું જ્ઞાન આપ્યું છે. (૩/૫૮) (૧૦) જેમ રેતીએ કરીને બાવળિયો સોરાઈ ગયો છે........ વિષયે કરીને જીવ સોરાઈ ગયો છે તે મીઠા જળના મહાસમુદ્રમાં પણ લીલો પલ્લવ થતો નથી. (૩/૫૯) (૧૧) સમુદ્રમાં છીપ રહે છે પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી તે તો જ્યારે સ્વાંતનાં બુંદ પડે છે ત્યારે તે ઠેકીને ગ્રહણ કરે છે. તેના દૃષ્ટાંતે મુમુક્ષુને શ્રદ્ધાએ કરી આ સત્પુરુષનો મન, કર્મ વચને સંગ કરી બ્રહ્મરૂપ થવાનો ઉપાય. (૩/૬૦) (૧૨) રબારીએ બકરીના કોટમાં હીરો બાંધ્યો તે દૃષ્ટાંતે ભગવાનના મહિમાની વાત - જેમ જેમ ભગવાનનું જ્ઞાન થાતું જાય તેમ તેમ મહિમા વધુ વધુ જણાતો જાય છે. (૩/૬૧)

૨. **વૈરાગ્ય :** (૧) જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય અને જે મૃગલાં જેવા જીવ છે તે તો વિષયને સાચા માનીને દોડ્યા કરે છે. જેમ ઝાંઝવાના જળને દેખીને મૃગલાં દોડે છે તેમ અને મનુષ્ય છે તે દેખે છે પણ ખોટાં જાણે છે અને સૂર્યના રથમાં બેઠા છે તેની દૃષ્ટિમાં તો ઝાંઝવાના પાણી નથી તેમ જે જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી. (૩/૪૪) (૨) જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય તેમાં શેનો મોહ થાય ? તે એવું તો સર્વનિવાસાનંદ સ્વામીને થઈ ગયું. (૩/૬૪) (૩) મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટાની સમજણ છે. (૩/૬૪)

૩. **પ્રગટનો મહિમા :** (૧) આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે તેથી બીજું કાંઈ ભૂંડું નથી. અને તે મનુષ્યભાવ તે શેણે કરીને આવે છે, તો લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત તેણે કરીને મનુષ્યભાવ આવે છે. (૩/૩૬) (૨) નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો; તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે. એમ કહીને મસ્તક ઉપર કળાઈ મૂકીને તકિયા ઉપર ઢળી ગયા. ને વળી એમ બોલ્યા જે, બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહી દેહ ધરીને આવ્યા છે. (૩/૩૮) (૩) હમણાં મુમુક્ષુએ દેહ ધર્યા છે, તે મહારાજને આવવું પડે, તે સારું આવરદા વિના મહારાજે મુને રાખ્યો છે, તે અમારે પણ મહારાજનું સુખ એ મુમુક્ષુને દેવું પડે છે. (૩/૫૩) (૪) સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે, તેણે કરીને તો કારણ શરીરનો નાશ થઈ જાય છે. (૩/૫૫) (૫) જો આ પ્રત્યક્ષ ભગવાનને વિશે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે. - બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય તો તે કરતાં ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે. (૩/૬૮) (૬) આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો પ્રત્યક્ષ છે; તે દર્શન દે છે, વાતું કરે છે, એવી રીતે બહુ સુખ આપે છે; પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહિ, એ સિદ્ધાંત વાત છે. (૩/૭૦)

(વિભાગ - ૩ : 'ભગવાન સ્વામિનારાયણ' પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫)
(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)

નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી. (૩) આ નોંધ પ્રશ્ન-૭ અને પ્રશ્ન-૮ બંનેને સરખી જ લાગુ પડે છે.

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ નોંધ :- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.

**૧. નીલકંઠવર્ણીનું વ્યક્તિત્વ દર્શન**

૧. 'અમે માનવી નથી. અમારો સંકલ્પ દૃઢ છે. તમે રસ્તો બતાવો.' હિમગિરિમાં જવાની ના પાડતા બદીરનાથના પૂજારીને નીલકંઠવર્ણી. ૧/૧૨૪
૨. હિમગિરિમાં આવેલા શીતળ જળના સરોવરમાં સ્નાન કરનાર બરફની શિલા બની જાય. ત્યાં નીલકંઠવર્ણીએ કરેલું સ્નાન. ૧/૧૨૬
૩. 'આપનાથી અમને જે અધિક માને છે તે આપનો પ્રતાપ જાણતા નથી.' - નરનારાયણ ઋષિ નીલકંઠ વર્ણીને. ૧/૧૨૮
૪. 'આપ તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. નહિ તો હિમગિરિનો પ્રવાસ કરી કોઈ માનવી બદરીવનમાં સદેહે ગયું હોય તેવું સાંભળ્યું નથી. - બદરીનાથના પૂજારી નીલકંઠ વર્ણીને. ૧/૧૩૧
૫. પ્રથમ દૃષ્ટિએ જોતાં જ રાજા રણજિતસિંહ બદરીનાથના નિજ મંદિરને બદલે વર્ણી તરફ ચાલ્યાં અને સ્તુતિ કરી. ૧/૧૩૧-૧૩૨
૬. હરૈયા ગામે હલવૈની માને નીલકંઠ વર્ણીને જોતાં જ તેમના મોહક સ્વરૂપમાં આકર્ષણ થયું. ૧/૧૩૫
૭. વંશીપુરના રાજાએ પ્રથમ દર્શને જ પ્રાર્થના કરતા કહ્યું, 'ભગવન્ ! મને આપે ન્યાલ કરી દીધો.' ૧/૧૩૯
૮. રાજાના અનુચરોને અનુભૂતિ : 'આ કોઈ યોગીન્દ્ર પુરુષ છે. દેખાય છે બાળક પણ દેવાધિદેવનું સ્વરૂપ છે.' ૧/૧૩૯
૯. વંશીપુરના રાણીને પ્રથમ દર્શને અનુભૂતિ : સાક્ષાત્ પુરુષોત્તમ પોતે જ છે. ૧/૧૩૯
૧૦. પુલહાશ્રમની વાટે જતાં પાંચસો નાગા વેરાગીઓની જમાતના ગુરુએ નીલકંઠ વર્ણીને જોતાં તેમની દિવ્ય પ્રતિભાથી આકર્ષાઈ નીલકંઠ પાસે જઈને નમસ્કાર કર્યા. ૧/૧૫૧
૧૧. વર્ણીનું સ્વરૂપ જોઈ મોહનહદાસ બાવાના અંતરમાં વારંવાર પ્રગટ થતા ત્રણ ગુણના ભાવ શમી ગયા. ૧/૧૫૯
૧૨. બુટોલનગરના રાજા મહાદત્ત અને બહેન માયારાણીને પ્રથમ દર્શનથી અપાર શાંતિનો અનુભવ. ૧/૧૬૬-૧૬૭
૧૩. ગોપાળયોગીએ નીલકંઠને આવતા જોયા અને તેમને લાગ્યું, અંતરમાં દેખાતી મૂર્તિ અને સામેથી આવતી મૂર્તિ સાથે સામ્ય હતું. ૧/૧૭૧
૧૪. પોખરા (ઉત્તરકાશી) માં મુમુક્ષુ પંડિત વર્ણીનું સ્વરૂપ જોઈને ખેંચાઈ આવ્યો. તેને વર્ણીમાં શિવજીનો ભાસ થયો. ૧/૧૭૫
૧૫. સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠના દર્શન થતાં જ સર્વે વૃત્તિઓ શાંત થઈ ગઈ. ૧/૧૮૨
૧૬. કામાક્ષી મંદિરના સિદ્ધોને અંતરમાં એક પ્રકારની બીક લાગી. ૧/૧૯૨-૧૯૩
૧૭. નવલખા પર્વત પાસેના જંગલના પ્રવેશદ્વાર આગળના ચોકીદારોએ નીલકંઠનું દર્શન અને અવાજમાં તેમની સંકલ્પ શક્તિનું બળ જોતાં હાથ જોડી દીધાં - મૂર્તિમાન પર્વત - ચરણકમળમાં પ્રણિપાત કરી બે હાથ જોડી સ્તુતિ કરી. ૧/૧૯૮
૧૮. કપિલાશ્રમમાં દર્શને આવતા ભાવિકોને નીલકંઠવર્ણીની સિદ્ધિઓ જોઈ આશ્ચર્ય થતું. ૧/૨૦૧
૧૯. નીલકંઠવર્ણીની વાત સાંભળતા જગન્નાથપુરીના રાજા ચાલીને દર્શને આવ્યા. ૧/૨૧૪
૨૦. રથયાત્રાના પ્રસંગે રાજાએ નીલકંઠને પણ સુંદર શણગારેલા રથમાં બેસાર્યા. ૧/૨૧૬-૨૧૭
૨૧. 'આ કોઈ જુદી માટીના મહાપુરુષ છે.' માનસપુરના માળીને થયેલો અનુભવ. ૧/૨૨૩
૨૨. માનસપુરના રાજા : 'કાં શિવજીમાં આવી યોગસિદ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય !' ૧/૨૨૪
૨૩. પૂનામાં બાપુ ગોખલેને નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં અનિર્વચનીય શાંતિનો અનુભવ થયો. ૧/૨૪૭
૨૪. જનાબાદમાં શિવભક્ત વિપ્રને નીલકંઠવર્ણીમાં થયેલી શિવજીની અનુભૂતિ. ૧/૨૪૯
૨૫. બુરાનપુરના વણિક શિવાશા અને ગોવિંદ શેઠ નીલકંઠવર્ણીના સ્વરૂપથી આકર્ષાઈ પોતાને ઘેર લઈ જાય છે. ૧/૨૫૧
૨૬. પીપળી ગામના ક્ષત્રિય ગુલાબસિંહને વર્ણીની રસોઈની ક્રિયા, ઠાકોરજીને નૈવેધ ધરવાની ક્રિયા અને જમવાની ક્રિયા બીજા કરતાં જુદી જ ભક્તિ ભાવવાળી લાગી. ૧/૨૫૬
૨૭. અંબાલીના રાજબાઈ : જે સ્વરૂપને પામવા તે ઈચ્છતી હતી તે જ સ્વરૂપની પ્રાપ્તિની અનુભૂતિ. ૧/૨૫૭

૨૮. માંડવીના દરવાજે (વડોદરામાં) લોકોના ટોળાના ઉદ્‌ગારો 'આપ કાંઈક જુદા દેખાઓ છો.' ૧/૨૫૯
૨૯. અમીચંદની સ્ત્રીની જગતની વાસનાની બદબો દર્શન માત્રથી ટળી ગઈ. ૧/૨૬૦
૩૦. નાવલીના લાલદાસે નીલકંઠને જોતાં જન્મજન્માંતરની કોઈ અતૃપ્ત ઇચ્છા આજે જાણે તૃપ્ત થતી હોય તેવો અનુભવ. ૧/૨૬૨
૩૧. ડાકોરના રણછોડજીને નીલકંઠ સાથે રહેવાનું મન થઈ ગયું. ૧/૨૬૪
૩૨. ઉમરેઠના રૂપરામ ઠાકરને નીલકંઠની આંખોમાં હરિની વત્સલતા દેખાઈ. ૧/૨૬૫
૩૩. વડતાલના જોબનપગીએ દર્શન કરતાં જે તેનામાંથી ક્રૂરતાનું કલેવર ઓગળી ગયું. ૧/૨૬૬
૩૪. નીલકંઠના દર્શન કરતાં જ બોચાસણના નાનીબાના દૈવી સંસ્કારોએ તેના અંતઃકરણને જાગ્રત કરી દીધું. ૧/૨૬૯-૨૭૦
૩૫. ગોરાસુમાં ખોડિયાર માતાના મંદિરના મહંતને નીલકંઠ અલૌકિક જણાયા. તેના ઇન્દ્રિયો, અંતઃકરણ, સત્ત્વમય થતાં લાગ્યાં. ૧/૨૮૨
૩૬. પીપરલાના વિપ્રની ભાવના : 'આવા જમનારા ફરી નહિ મળે.' ૧/૨૮૮
૩૭. લોજની વાવ પર સુખાનંદ સ્વામીની વૃત્તિનો થયેલો નિરોધ. ૧/૩૧૩

**૨. સમાધિ પ્રકરણના આધારે શ્રીહરિ સર્વોપરી**

૧. પીપલાણામાં મુસલમાનને સમાધિ : અહીં તમે ઉંચે બેઠા છો અને આ ખુદા નીચે બેઠા છે. ૧/૩૪૭
૨. 'સ્વામિનારાયણ' મંત્રજાપ કરતાં શીતળદાસ સંન્યાસીને સમાધિ. ૧/૩૯૨-૩૯૩
૩. ધોરાજીમાં ચાર્વાક પંથીઓને, ભાવિક ભક્તોને સમાધિ. ૧/૩૯૫
૪. પીપલાણા ઓઝત નદીમાં નરસિંહ મહેતાના પુત્ર રઘુનાથને સમાધિ. ૧/૩૯૮
૫. પીપલાણામાં ઉત્તર હિંદથી આવેલા વેરાગીને સમાધિ. ૧/૩૯૮
૬. અગતરાઈમાં ઉમિયાશંકરના સ્વયંરચિત શ્લોકગાનથી એક ભક્તને સમાધિ - સભામાં બેઠેલ મુસ્લિમ જમાદારને સમાધિ. ૧/૩૯૯
૭. કાલવાણીના આહીર ભક્તોને સમાધિ. ૧/૪૦૦-૪૦૧
૮. કાલવાણીમાં સભામાં બેઠેલા વ્યાપકાનંદ સ્વામીએ સમાધિમાં ભૂમાપુરુષના લોકમાં 'સ્વામિનારાયણ' નામનો ઉદ્‌ઘોષ. ૧/૪૦૧-૪૦૨
૯. કાલવાણીના ભીમભાઈની નરકના કૂંડ ખાલી કરવાની પ્રાર્થનાથી સ્વરૂપાનંદ સ્વામીએ સમાધિમાં યમપુરી જઈ નરકના કુંડો ખાલી કર્યા. ૧/૪૦૩ થી ૪૦૫
૧૦. માંગરોળમાં સમાધિ દ્વારા શ્રીહરિનું ઐશ્વર્ય. ૧/૪૦૫
૧૧. માંગરોળ બજારમાં વેપારીના દીકરાને સમાધિ. ૧/૪૦૬
૧૨. માંગરોળના નગરજનોને સમાધિમાં સૌ સૌના ઈષ્ટદેવના દર્શન. ૧/૪૧૬
૧૩. ભોગાવાના કાંઠે હીરાચંદ વણિકને સમાધિ મૂર્તિમાન ભોગવતી તથા વઢવાણ શિખરબદ્ધ મંદિરના દર્શન. ૧/૪૧૯-૪૨૦
૧૪. માંગરોળમાં મહિનાઓ સુધીની સમાધિવસ્થા. ૧/૪૨૩
૧૫. કાલવાણીમાં સંતદાસને સમાધિમાં રામાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામી પરનો સંદેશો. ૧/૪૪૩
૧૬. મુક્તાનંદ સ્વામીને જ્ઞાન સમાધિ. ૧/૪૪૪-૪૪૫
૧૭. મેઘપુરના ભાટ અમરસિંહની પુત્રી લાડકીબાઈને સમાધિ. ૧/૪૫૫
૧૮. પંચાળામાં દાદાભાઈને ઘેર અંબારામ વિપ્રને સમાધિ. ૨/૯
૧૯. ગઢપુરની પુણ્યવતી ભૂમિમાં મલેકશાહ ફકીરના બાગમાં બાળકોને સમાધિ. ૨/૨૯-૩૦
૨૦. કારિયાણીમાં અજુબા અને ફૂલીબાને સમાધિ. ૨/૩૩
૨૧. બોચાસણમાં બાપુભાઈ તથા રણછોડભાઈ (પિતા-પુત્ર) બંનેને સમાધિ. ૨/૪૨
૨૨. આધોઈ ગામમાં નિષ્કુળાનંદ સ્વામીને યમદંડ લખવાની આજ્ઞા - સમાધિમાં યમયાતનાનું દર્શન. ૨/૭૫
૨૩. ભુજમાં કોશલ દેશના વેરાગીઓને સમાધિ. ૨/૭૯
૨૪. ભુજમાં લાધીમાને સમાધિ. ૨/૮૦

**૩. ભક્તિમાતા અને સુવાસિની ભાભીનો ઘનશ્યામ પ્રત્યે સ્નેહસંબંધ**

૧. બાળ ઘનશ્યામને કૃત્યાઓ ઉપાડી ગઈ ત્યારે માતાનું રૂદન-હનુમાનજીને કહ્યું 'તમે આજે મને જીવતદાન આપ્યું.' ૧/૨૬
૨. કર્ણવેધ - સંસ્કાર વખતે - ભલભલાનો કાન પકડનાર બાળપ્રભુનો કાન ભક્તિમાતાના હાથમાં હતો અને કહેતા હતાં. જો, જો તમારો કાન મારા હાથમાં છે, માટે ભક્તોથી ડરજો. ૧/૩૦

૩. ભગવાનને ભક્તિ વહાલી છે, ભક્તિને ભગવાન વહાલા છે. એમ અરસપરસનો સંબંધ તો ભક્તિરસનો આસ્વાદ જેણે ચાખ્યો હોય તેને જ જણાય - (બાળપ્રભુ ઘૂંટણભેર ચાલતાં શીખ્યા - બે હાથા માતાને ગળે ભરાવી વાંસામાં હિલોળા લેતા - હાથ ધીરેથી છોડાવતાં. ૧/૩૦-૩૧
૪. ઘનશ્યામના બીજા જન્મોત્સવ સમયે ભાભીનું આગમન - ભક્તિમાતાને ઘનશ્યામની ચિંતા ઓછી રહેવા લાગી. ભાભી ઘનશ્યામની અત્યંત સંભાળ રાખતા. ૧/૩૧
૫. ભક્તિમાતાનો અવાજ - મારો ઘનશ્યામ મળ્યો ? ખોવાયેલું રત્ન પાછું મળતાં ત્યાં જ બેસી સ્તનપાન કરાવવા લાગ્યાં - કાલિદત્તનો કોપ. ૧/૩૩-૩૪
૬. કડવા ચીભડાં મીઠાં થતાં વશરામ મામા નમસ્કાર કરવા આવતાં માતાની પાછળ સંતાઈ ગયા. ૧/૩૮
૭. ભાભીની વીંટી લઈ મીઠાઈ ખાધી તે પ્રસંગ. ૧/૪૯ થી ૫૧
૮. કથામાંથી મોડા આવેલા ઘનશ્યામ જોડે ભક્તિમાતાને થયેલી પ્રશ્નોત્તરી - મા હું તારો લાડલો. ૧/૫૨-૫૩
૯. ભાભીની સાથે ઘનશ્યામ તરગામમાં. ૧/૫૩-૫૪
૧૦. ઘનશ્યામના દેહમાંથી નીકળતા શીતળ પ્રકાશમાં રાત્રીના અંધકારમાં તરગામથી આંબલિયા. ૧/૫૪-૫૫
૧૧. 'ભાભી ! હું તારો લાલ નહિ ?' આંબલિયામાં ઘનશ્યામ. ૧/૫૫-૫૬
૧૨. તરગામમાં બળદેવ દૂબેના ખેતરમાં ચીભડાંના વેલા ખેંચી કાઢ્યા ત્યારે રામપ્રતાપે માર્યા તે સમયે ભાભીએ રામપ્રતાપભાઈને આપેલો ઠપકો. ૧/૫૭-૫૮
૧૩. 'ઘનશ્યામ ! ભૈયા ! હું મા નહિને ? મેં તમને ક્યાં સાચવ્યાં છે ? તમારા ભૈયાએ માર્યા તો પણ હું આવી નહિ.' ભાભીનો વલોપાત. ૧/૫૯
૧૪. ભાભી હવે રડતી નહીં હો, આપણે અયોધ્યા નથી જવું. ૧/૫૯
૧૫. ખાંપો વાગ્યો ત્યારે ભાભી રડવા લાગ્યા. 'ભાભી ! પાટો ખોલ જોઉં !' 'જુઠ્ઠા, ભાભીને ગભરાવવા માટે પાટો બાંધ્યો હતો ?' ૧/૬૧-૬૨
૧૬. દીદી (ભક્તિમાતા) એ મોકલેલી સુખડી ભાભીના મોઢામાં મૂકી દીધી. ૧/૬૩
૧૭. જન્માષ્ટમી ઉત્સવ - નિર્જળા ઉપવાસ - આખો દિવસ દર્શનમાં ફરશો ત્યારે જમશો ત્યારે ૧/૬૬
૧૮. યજ્ઞોપવિતના મુંડન પછી ભાભીએ માથામાં મારેલા ટકોરા. - ઘનશ્યામ ભાભીનો હાથ પકડીને કહે છે, 'હવે તો છોડીશ જ નહિ. તને જ હમણાં નવરાવી દઉં.' ભાભી, 'અરે મૂકો મૂકો, હાથ છોડો. બ્રહ્મચારી થઈને સ્ત્રીઓને અડાય !' ૧/૭૨
૧૯. હજુ ત્રણ તાગડા તો ગળામાં પડ્યા નથી ને બ્રહ્મચારી શાના ? અત્યારથી ઢોંગ કરવા લાગ્યા છો ? (ઉપવિત સંસ્કાર વખતે) ૧/૭૨
૨૦. માતાના ધામગમન પછી ભાભી ઘનશ્યામને જરા પણ અળગા મૂક્તા નહિ - ભાભીને પોતાના પુત્ર કરતાં પણ ઘનશ્યામ પર અધિક સ્નેહ - ઘનશ્યામ ભાભીને કહેતાં 'ભાભી ! તને મૂકીને હું દૂર પશ્ચિમમાં ચાલ્યો જઈશ. પછી તું મને ક્યાં ગોતવા આવીશ ?' ૧/૮૬-૮૭
૨૧. ભાભી ઉદાસ રહેતાં ઘનશ્યામને કહે છે, 'તમે ઉદાસ રહો છો પણ જો જો અમને રઝળાવીને ક્યાંય જતા ન રહેશો.' 'મારો સંબંધ જેને થયો છે તેને હું કદી રઝળાવીશ નહિ.' - ઘનશ્યામ. ૧/૯૩-૯૪

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ઘનશ્યામનું મહાપ્રસ્થાન**

૧. ભક્તિમાતાનો દેહોત્સર્ગ ૧/૮૩-૮૫
૨. મલ્લોના અખાડામાં મલ્લકુસ્તી - ભુવાનદીન અને દીનાસિંહને અક્ષરધામમાં બેસાડ્યા. ૧/૮૮થી૯૦
૩. ધર્મદેવનું ધામગમન ૧/૯૦થી૯૩
૪. ઘનશ્યામની ઉદાસીનતા ૧/૯૩થી૯૬
૫. ઘનશ્યામનું મહાપ્રસ્થાન ૧/૯૬થી૯૯
૬. વિયોગનો ઉન્માદ ૧/૯૯ થી ૧૦૩

**૨. સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્ભવ**

૧. રામાનંદ સ્વામીના ધામગમનના ચૌદમાના દિવસે સભા - 'હવે પ્રગટ ભગવાનનું 'સ્વામિનારાયણ' નામે ભજન કરજો.' ૧/૩૮૭થી૩૮૮

૨. એક સંત દ્વારા 'સ્વામિનારાયણનું ભજન શાથી ?' તે પ્રશ્નનો જવાબ સહજાનંદ સ્વામી દ્વારા. ૧/૩૮૮

૩. સ્વામિનારાયણ શબ્દની વ્યુત્પત્તિની સમજૂતી. ૧/૩૮૮ થી ૩૯૦

## ૩ સુંદરજી સુથારની કસોટી

૧. કચ્છના સુંદરજી સુથાર બંધિયામાં મહારાજના દર્શને. ૨/૧૭

૨. આપના પ્રતાપે સુખિયો છું ને વધુ સુખિયા રહેવાય તે માટે આ દાસ ઉપર દયા રાખજો. ૨/૧૯

૩. ભગવાં પહેરો અને ઊપડો કાશીની જાત્રાએ. ૨/૧૯

૪. ડોસાભાઈએ પણ રામાનંદ સ્વામીની આજ્ઞા પાળી ન હતી. તેના પ્રાયશ્ચિત્તરૂપે કાશીએ જવાની આજ્ઞા. ૨/૨૦

૫. અમે કેવાં કામ કર્યાં ? દીવાનને મૂંઝ્યા અને શેઠનેય પ્રાયશ્ચિત્ત આપ્યું. શ્રીહરિ - મુક્તાનંદ સ્વામીને. ૨/૨૦

૬. 'મહારાજ ! બહૂ ભૂંડું કર્યું. હવે કચ્છમાં પણ ઉપાધિ શરૂ થઈ જશે.' - મુક્તાનંદ સ્વામી. ૨/૨૦

૭. પાપ નામનો પિતરાઈ હતો તે મૂઓ તેનું સૂતક ઉતાર્યું.-આવી આકરી કસોટી હવે બીજાની કરશો નહિ. - સુંદરજી. ૨/૨૦

## ૪. નિર્માની નીલકંઠવર્ણી

૧. સ્વયં ભગવાન હતા છતાં સૂર્યદેવ આગળ બે હાથ જોડી સ્તુતિ કરી - મુક્તિનાથમાં તપની ફળશ્રુતિરૂપે સૂર્યદેવ પ્રગટ થયા ત્યારે. ૧/૧૫૬-૧૫૭

૨. બુધેજમાં ખોડાભાઈની ડેલીએ સદાવ્રત લેવા ગયા તો દાસીએ ઓસરીમાં આંટા મારવાનું કહ્યું તો વર્ણીએ આંટા માર્યા. ૧/૨૭૫

૩. કુકડ ગામે દરબાર ભગવાનસિંહે જાચક સમજીને કરેલી મજાક ૧/૨૮૫

૪. ગિરનાર ઉપર ગૌમુખી ગંગામાં સ્નાન કરવા જતાં વર્ણીને બાવાઓએ અટકાવ્યા ૧/૩૦૩

૫. ગોધાવાવ ધર્મદાસની જગ્યામાં આસુરી બુદ્ધિવાળા બાવાઓએ વર્ણીને સાતવાર જમતા ઉઠાડ્યા પણ જમવા દીધા નહિ. ૧/૩૦૪

❑ ❑ ❑